
ॐ


ॐ
પૂજાતી પ્રતિમાઓની
આંતર તથા બાહ્ય અખંડતા વિશેના
સત્ય સિધ્ધાંતોની આધ્યાત્મિક સમાલોચના.
પરમાત્મન્
શ્રી સત્–ચિત્–આત્મન્

ॐ


# પૂજાતી પ્રતિમાઓની

# આંતર તથા બાહ્ય અખંડતા વિષેના

# સત્ય સિધ્ધાંતોની આધ્યાત્મિક સમાલોચના.

પરમાત્મન્
શ્રી સત્ -ચિત્ -આત્મન્

ॐ



અધ્યાત્મ
જીવનની
આંતરચાવી
સાત્વિક ધન ધાન્ય
સત્ સૌંદર્ય
પરા શાંતિ
વિશ્વ પ્રેમ
(પરમાત્માના સત્ય
સ્વરૂપમાં)
સર્વત્ર શુભ ભાવના
સમદૃષ્ટિ
અન્યના ઈષ્ટ
પ્રત્યે આદરભાવ
નિષ્કામતા
પોતાના ઈષ્ટ
પ્રત્યે પરમભાવ
સત્–કર્તવ્ય
પરાયણતા
અપ્રમાદ
નિઃસ્વાર્થતા
સત્ નૈતિકતા
દયા
સંયમ
સત્ય
બ્રહ્મચર્યાત્મક
પવિત્રતા
માનયુક્ત કરુણા
૧. આહારમાં
૨. રોગ ઔષધમ સંશોધનમાં
૩. સંતતિ નિયમનમાં
૪. યજ્ઞ યાગાદિની વિધિ વિધાનમાં
૫. ન્યાય નિર્ણયમાં કેવળ અહિંસા
મન–વચન કર્મથી
વસ્તુ, વચન, વ્રતનિષ્ઠ સત્યનું
અવલોકન, પરિપાલન
પ્રતિનિધિત્વ, સંરક્ષણ, સંપ્રસરણ.
ૐ
શ્રી રામ
જય રામ
જય જય રામ


૪૦

ॐ

# પ્રયોજન

પૂજાતી પ્રતિમાઓનું ખૂબ ધ્યાન રાખ્યા છતાં કવચિત્ કવચિત્, એક અથવા બીજે સ્થળે નાના પ્રકારનાં આકસ્મિક કારણે ખંડિત થવું એ એક અનિવાર્ય સહજ ઘટના હોવાથી, ''પૂજાતી કોઈ પણ મૂર્તિનું અંગ જરા પણ ખંડિત થતાં તેને દરેક સંજોગમાં શાસ્ત્ર દષ્ટિએ બદલાવવી આવશ્યક જ છે કે કેમ?''* તે વિષેની આધ્યાત્મિક વિચારણા તથા નિષ્કર્ષ (સાર) ધાર્મિક જનતાની જાણ માટે અત્યંત જરૂરી છે.

શ્રી ગિરનાર પર્વત ઉપર આવેલ શ્રી શ્રી અંબાજી માતાજીના પ્રસિધ્ધ મંદિરની વર્ષોથી પૂજાતી પ્રાચીન પ્રતિમાની ફેરબદલી માટેના ઉહાપોહ તથા સક્રિય તૈયારીના સંદર્ભમાં આ વસ્તુસ્થિતિ અંગેના શાસ્ત્ર તથા મૂર્તિપૂજાના ઊંડા હાર્દને સ્પર્શતો, કેવળ આધ્યાત્મિક સિધ્ધાંતોને જ ચર્ચતો, પ્રશ્નોત્તરરૂપે સરળ કરેલ તથા દષ્ટાંત સહિત સવિસ્તર, નીચેનો સંવાદ કોઈ પણ સ્થળે આવી પરિસ્થિતિ ઉત્પન્ન થતાં આ બાબતમાં રસ અથવા સંબંધ ધરાવતી વ્યકિત અથવા વ્યકિતઓને—ખાસ કરીને આ બાબતમાં ન્યાયયુકત નિર્ણય આપવા નીમેલ મધ્યસ્થને, મંદિરના ન્યાસધારીઓ (ટ્રસ્ટીઓ)ને, સાર્વજનિક મંદિરોના સરકારી વહીવટકર્તા

————————

* આ વિચારણા માત્ર સૌમ્ય, સાત્વિક તથા પવિત્ર વિધિથી જ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવેલ પ્રતિમાઓ અંગે છે. તામસિક મુદ્રાવાળી કેવળ ભયંકર અથવા અપવિત્ર ભાવ ઉત્પન્ન કરવાના કારણે અદર્શનીય, અથવા અનહિંસક (હિંસાયુકત) કે અપવિત્ર વિધિથી પ્રતિષ્ઠા કરવામાં આવેલ અપૂજનીય ( પૂજવાને અયોગ્ય ) મૂર્તિઓના સંબંધમાં નથી.

અધિકારીને, ધાર્મિક પ્રથા નકકી કરવા વિચારણા કરતી અદાલતને તથા  ધર્મપ્રેમી જનતાને—બુદ્ધિ તથા જ્ઞાનપૂર્વકના અંતિમ નિર્ણય લેવામાં અવશ્ય માર્ગદર્શક થશે.

**વિધવિધ  મનુષ્યોના વિધવિધ ધર્મો, સંપ્રદાયો, દ્દષ્ટિકોણો તથા મતમતાંતરો વચ્ચે કેવળ આધ્યાત્મિક સિધ્ધાંતો તથા વસુધૈવ કુટુમ્બકમ ની ભાવના ઉપર જ સ્થિતિ કરતા આ સંવાદને ઉપરના વૈવિધ્યમાંથી, માત્ર અજ્ઞાનના જ કારણે ઉત્પન્ન થતા સંઘર્ષ તથા વિસંવાદને હ્રદયમાંથી થોડા સમયને માટે પણ દૂર કરી, તેના યથાર્થ આશયને  જ દ્દષ્ટિ સમક્ષ રાખી, કોઈ પણ જાતના પૂર્વગ્રહ વગર નિષ્પક્ષપાતપણે અભ્યાસ કરવામાં આવશે તો જ તેનું સત્ય રહસ્ય તેમજ સર્વવ્યાપી શુભ ભાવના સંપૂર્ણપણે સમજાશે.**

**૧૨—૧૦—૬૯** — **હરિ : ૐ તત્ સત્**

**નવરાત્રિ**



ॐ




# પ રિ જ્ઞા

**પ્રશ્ન :**જૂનાગઢમાં શ્રી ગિરનાર પર્વત પર આવેલ શ્રી શ્રીઅંબાજી માતાજીના મંદિરમાં પૂજાતી પ્રતિમાની ફેરબદલી બાબત થઈ રહેલ વિચારણા તથા પ્રવૃતિ અંગે તમારું મંતવ્ય જાણવા પહેલાં પૂછી જાણી શકું કે તમોએ ગિરનાર પર્વત ઉપર આવેલ શ્રી અંબાજી માતાજીનાં દર્શન કરેલાં છે ?

**ઉત્તર :** હા. ભૂતકાળમાં ઘણી વખત કર્યા છે. એટલું જ નહિ પરંતુ એક બે વખત અંદર જઈ પૂજા પણ કરેલ છે.

**પ્રશ્ન :** આ મૂર્તિ વિષે તમારો શો અભિપ્રાય છે ?

**ઉત્તર : શ્રી માતાજીની આ મૂર્તિ કેવળ સાત્વિક, સૌમ્ય અને હૃદયંગમ છે. માતાજીનું મુખારવિંદ એક નાની બાલિકાની નરી નિર્દોષતાથી છલકાતું, હૃદયમાં પવિત્રતાના દિવ્ય ભાવો પ્રકટાવતું, અદ્દભુત કરૂણાઘન અને અત્યંત દર્શનીય છે.**

**પ્રશ્ન :** આ મૂર્તિનું એકાદ અંગ પૂર્વે ખંડિત થયેલ હોવાને કારણે તથા કાન પાસે અને મુખ ઉપર બે છરકા પડેલ હોવાના

**કારણે તે મૂર્તિને બદલવા માટે થઈ રહેલ પ્રવૃતિના સંદર્ભમાં તમોને આ બાબતમાં શું કરવું ઉચિત લાગેછે?**

**ઉત્તર : માતાજીની શ્રી મૂર્તિનું આ ખંડિત થયેલું અંગ માતાજીનાં વસ્ત્રો નીચે ઢંકાઈ રહેતું હોવાથી તે અંગને સાંધી લેવાથી તેની દાર્શનિક સૌમ્યતામાં કોઈ પણ જાતનો ફરક પડતો નથી. તેવી જ રીતે માતાજીના મુખકમળ ઉપર લગાડવામાં આવતા સિંદૂરને કારણે માતાજીના મુખારવિંદની પહેલાંની શોભામાં પણ ખાસ ફરક પડેલ જણાતો નથી.**

**પ્રશ્ન : આ બધું સ્પષ્ટ થયા પછી પણ મૂળ પ્રશ્ન તો રહે જ છે અને તે એ છે કે એક ખંડિત થયેલ સાંધેલી મૂર્તિની પૂજા ચાલુ રહે તો આધ્યાત્મિક દ્દષ્ટિએ ઉચિત અને ઈચ્છનીય છે ?**

**ઉત્તર : આધ્યાત્મિક વાસ્તવિકતામાં કોઈ પણ મંદિરમાં રહેલું વિશિષ્ટ ચૈતન્ય, મૂર્તિની મૂળ પ્રાણપ્રતિષ્ઠા, પૂજારીની તથા નિજ મંદિરમાં પાળવામાં આવતી પવિત્રતા તથા દર્શને આવનાર વ્યકિતઓની ભાવ–ભકિત ઉપર અવલંબે છે, નહિ કે મૂર્તિની માત્ર બાહ્ય અખંડિતતા પર. જે મંદિરમાં ચૈતન્યનો આવિર્ભાવ છે તેમાં મૂર્તિનું કોઈ પણ અંગ થોડે અંશે ખંડિત થતાં તે સ્થાનમાંથી તેનું ચૈતન્ય ચાલ્યું જતું નથી. એટલું જ નહિ પરંતુ, મૂર્તિ પણ જો ચિન્મય હોય તો તે બાહ્ય રીતે ખંડિત થવા છતાં આધ્યાત્મિક વાસ્તવમાં તો અખંડ અને ચિન્મય જ રહે છે.એટલે જે મૂર્તિની સુવિધિસરની પ્રાણ પ્રતિષ્ઠા થયેલ હોય અને જેની વર્ષોથી ભકિતપૂર્વક પૂજા ચાલુ રહેલી હોય તથા જેની આસપાસ અસંખ્ય ભાવિકોનો ભાવ**

**બંધાયેલ હોય** તેવી મૂર્તિને માત્ર ગૌણ રીતે ખંડિત થવાના કારણે અજ્ઞાન દ્દષ્ટિથી બિન–ચૈતન્ય માની દૂર કરવી અને તેની જગ્યાએ નવી મૂર્તિની સ્થાપના કરવી એ આધ્યાત્મિક દ્દષ્ટિએ કેવળ વહેમ પ્રેરિત અને ભૂલ ભરેલું છે.

**પ્રશ્ન :** આ સિધ્ધાંતના આધર રૂપ કોઈ યોગ્ય દ્દષ્ટાંત તમારા ખ્યાલમાં છે?

**ઉત્તર :** હા.શ્રી રામચંદ્રજી અને શ્રીકૃષ્ણ ભગવાનના પુનઃ અવતાર શ્રી રામકૃષ્ણ ભગવાનના લીલાસ્થાન, વિશ્વવિખ્યાત **શ્રી દક્ષિણેશ્વર મંદિરમાં** આવેલ શ્રી રાધાગોવિંદજીના મંદિરમાં શ્રી ગોવિંદજીની મૂર્તિ બાબત બનેલ ઘટના અને તે વિષેનું **શ્રી રામકૃષ્ણ ભગવાનનું દિવ્ય માર્ગદર્શન** એક આદર્શ દ્દષ્ટાંત છે.

**પ્રશ્ન :** એ દષ્ટાંત સપ્રમાણ જાણવું શકય છે?

**ઉત્તર :** હા. શ્રી રાધાગોવિંદજીના મંદિરમાં બનેલ ઘટના અને તે બાબતમાં મંદિરના ટ્રસ્ટી શ્રી મથુર બાબુએ પંડિતોના મેળવેલા અભિપ્રાયો અને શ્રી રામકૃષ્ણ ભગવાનનું અનુપમ માર્ગદર્શન– આ બધું, **શ્રી રામકૃષ્ણ લીલા પ્રસંગ ભાગ–૨માં** વિસ્તૃત રીતે વર્ણવેલ છે, જેનો સાર ભાગ અક્ષરસઃ આ પ્રમાણે છે :–

"૧૯૧૨ના શ્રાવણ માસનો કૃષ્ણ પક્ષ ચાલતો હતો.આગલા દિવસે નંદોત્સવ હતો. બપોરે શ્રી રાધાગોવિંદજીની વિશેષ પૂજા, ભોગ કીર્તન, વિગેરે સમાપ્ત થતાં, પૂજારી ક્ષેત્રનાથ ચટ્ટોપાધ્યાય શ્રી ગોવિંદજીને પોઢાડવા લઈ જતી વખત, મૂર્તિ પડી ગઈ

અને તેનો પગ ભાંગી ગયો. **ઘણા પંડિતોના અભિપ્રાય લીધા પછી, ઠાકુરના(શ્રીરામકૃષ્ણ ભગવાનના) અભિપ્રાય પ્રમાણે મૂર્તિનો ભાંગી ગયેલો ભાગ જોડી દઈને, પૂજા ચાલવા લાગી.''**

**''બહુ જ બારીકીથી જોતાં પણ એ મૂર્તિ કોઈ દિવસ ભાંગેલી હતી તેમ અત્યારે પણ જાણી શકાતું નથી.'' (શ્રી રામકૃષ્ણ લીલા પ્રસંગ ભાગ–૨.પૃ.૯૭.)**

**પ્રશ્ન** :ખંડિત મૂર્તિની પૂજા ન થઈ શકે તેવો શાસ્ત્રોનો તથા પંડિતોનો વિરુધ્ધ મત હોવા છતાં શ્રી રામકૃષ્ણ ભગવાને કયા સિધ્ધાંતના આધારે ઉપરનું માર્ગદર્શન આપ્યું તે વિષે કંઈ જાણી શકાય?

**ઉત્તર** : હા. આ સિધ્ધાંત ભગવાને શ્રી દસમહાવિધા મંદિરના જમીનદાર જયનારાયણ બંદોપાધ્યાયને આપેલ ઉપદેશમાંથી તથા મૂર્તિ બદલાવવા આગ્રહ ધરાવતા મનુષ્યો પ્રત્યેના જવાબમાંથી મળી આવે છેઃ–

(૧) ''જયનારાયણ બાબુએ... નમસ્કાર કરી, પ્રસંગોપાત ઠાકુરને પૂછયું, 'મહારાજ, ત્યાંના શ્રી ગોવિંદજી શું ખંડિત થયા?' ઠાકુરે તે ઉપરથી કહ્યું, **'તમને શું થઈ ગયું છે? જે અખંડ મંડલાકાર તે કોઈ દિવસ ખંડિત થાય કે?,'' (શ્રી રામકૃષ્ણ લીલા પ્રસંગ ભાગ–૨,પૃ.૯૮.)**

(૨) તેવી જ રીતે મૂર્તિ બદલાવવા આગ્રહ ધરાવતી વ્યકિતઓને સંબોધેલ **''રાણી રાસમણિના જમાઈ પડી જતાં તેનો હાથ ભાંગી જાય તો શું તે જમાઈ**

બદલશે?" (એ) મર્મ–વચન પણ સીધું, સરળ અને સિધ્ધાંતને સમજાવવામાં સંપૂર્ણપણે લક્ષ્યવેધી છે.

**પ્રશ્ન :** પરમાત્મા અખંડ મંડલાકાર છે તે સમજી શકાય તેવું છે, પરંતુ ખંડિત થયેલ મૂર્તિમાં અખંડ ચૈતન્યનો વાસ હોય શકે ?

**ઉત્તર :** મૂર્તિનું ચૈતન્ય તેની બાહ્ય અખંડિતતા સાથે સંકળાયેલું નથી, પરતું તેની આસપાસ બંધાયેલ પવિત્રતાના આંદોલનમાં તથા દર્શનાર્થીઓની ભાવ ભકિતમાંથી ઉત્પન્ન, એકત્રિત અને ઘનીભૂત થયેલ અતિસૂક્ષ્મ ભાવનામાં રહેલ છે.

જો મૂર્તિ પ્રથમથી જ ચિન્મય હોય અથવા–સતત પૂજાવાના કારણે અગર કોઈ સંતે તેની સાન્નિધ્યમાં રહી કરેલ સેવા તથા તપસ્યાને કારણે અગર ભાવિક ભકતજનોની ભાવભીની ભકિતને કારણે–ચિન્મય બની ગઈ હોય, (અહીં એક વસ્તુ સ્મૃતિમાં રાખવી ખાસ જરૂરી છે અને તે એ છે કે બધી મૂર્તિઓ કંઈ ચિન્મય હોતી નથી), તો ચૈતન્ય તેના પ્રતીકથી જુદું હોવાને કારણે મૂર્તિ કદાચિત ખંડિત થાય તો પણ ચૈતન્ય સ્વયમ્ અખંડ એકરસ જ હોવાથી, તે ખંડિત મૂર્તિ પણ આધ્યાત્મિક દ્દષ્ટિએ અખંડ અને ચિન્મય જ છે. આનું સર્વશ્રેષ્ઠ દ્દષ્ટાંત શાલિગ્રામ છે શાલિગ્રામ સ્વયમ્ ચિન્મય હોવાથી કોઈ સંજોગોમાં તે ખંડિત થાય તો પણ તેનો જુદો થયેલ ભાગ પણ શ્રી શાલિગ્રામ જ છે.

મૂર્તિની સુવિધિસરની પ્રાણપ્રતિષ્ઠા પણ મૂર્તિની ચિન્મયતાનું એકમાત્ર પાસું જ છે, જયારે તેની બાહ્ય

અખંડિતતાને તો તેની ચિન્મયતા સાથે કોઈ પણ જાતનો સંબંધ નથી.

સંપૂર્ણ બાહ્ય અખંડિતતાની દ્દષ્ટિએ તો તિરૂપતિ બાલાજીમાં આવેલ શ્રી વ્યંકટેશ્વર ભગવાનની મૂર્તિને પણ પૂર્ણપણે તેવી કહી શકાય નહિ, અને એ જ પ્રમાણે શ્રી ડાકોરજીમાં આવેલ શ્રી દ્વારકાધીશ ભગવાનની મૂર્તિ પર પણ ભકતરાજ બોડાણ પર પડતો, ભગવાને ઝીલેલ ઘાવ હજુ પણ દેખી શકાય છે. શ્રી બેટ દ્વારકામાં પણ શ્રી દ્વારકાધીશ ભગવાનની મૂર્તિનાં ચરણો નામશેષ જ રહેલ છે.

**પ્રશ્ન :** તો શું ગમે તે સ્થિતિમાં અને ગમે તેવા સંજોગોમાં ખંડિત મૂર્તિઓ પૂજાવી જ જોઈએ?

**ઉત્તર : ના, મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા પહેલાં જ જો મૂર્તિ ખંડિત થઈ હોય તો તેવી મૂર્તિની પ્રતિષ્ઠા થવી જોઈએ નહિં, અને તેને પૂજાવવી જોઈએ નહિં. એ જ પ્રમાણે, વિસર્જન કરેલ ખંડિત મૂર્તિની પણ ફરી પાછી પૂજા ચાલુ કરવી જોઈએ નહિ. એ ઉપરાંત, જે મૂર્તિ એવી રીતે ખંડિત થયેલ હોય કે તેની દાર્શનિક સૌમ્યતામાં હાનિ પહોંચી હોય અને જે સુધારી શકાય તેમ પણ ન હોય અથવા એટલે દરજજે અને એવા ભાગમાં ખંડિત થઈ હોય કે તેને સાંધવી શકય ન હોય અથવા જે મૂર્તિનું ખંડન અધર્મીઓ અથવા વિધર્મીઓના હાથે થયું હોય અને સાથે સાથે તેની પવિત્રતા પણ એક અથવા બીજી રીતે નષ્ટ કરવામાં આવેલ હોય એવી મૂર્તિઓ પૂજાવી જોઈએ નહિ.**

ૐ

**પ્રશ્ન :** ખંડિત થયેલ મૂર્તિની ચાલુ રહેલ પૂજાનાં બીજા કોઈ દષ્ટાંત તમારા ખ્યાલમાં છે?

**ઉત્તર : હા. શ્રી શેત્રુંજય પર્વત પર આવેલ જૈનોના સુપ્રસિધ્ધ મહાતીર્થ ધામમાં તેના મુખ્ય મંદિરમાં આવેલ શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમા પર વીજળી પડતાં તે ખંડિત થવા છતાં અને બીજી નવી મૂર્તિ તૈયાર કરાવી ત્યાં પર્વત પર લાવ્યા છતાં,વર્ષોથી પૂજાતી પુરાણી પ્રતિમાને તેના સ્થાનમાંથી દૂર કરવી અયોગ્ય જ છે તેવી છેલ્લી ઘડીએ ચોકકસ પ્રતીતિ થતાં ત્યાંથી તેને ખસેડવાને બદલે તેને જ વ્યવસ્થિત રીતે સાંધી તે પ્રાચીન પ્રતિમાજીની જ પૂજા આજ પર્યંત ચાલુ છે, જયારે પહાડ ઉપર લાવવામાં આવેલ નવી મૂર્તિ માટે એક બીજું નવું જ મંદિર બાંધવામાં આવેલ છે.**

બીજું દષ્ટાંત બંગાળમાં કલકત્તા નજીક આવેલ વિષ્ણુપુર ગામમાં લાલબંધ તળાવ પરના સર્વમંગલા માતાજીનું છે. એક દિવસ ભગવાન શ્રી રામકૃષ્ણ દેવને કામારપુકુરથી કલકત્તા જતાં, અહીંની નજીક શ્રી મૃણમયી માતાજીની મૂર્તિનું દર્શન થયું. તળાવના કાંઠા પર પહોંચતાં જે મૂર્તિનું જે રીતે દર્શન થયેલું તેવી જ કમ્મર સુધીની મૂર્તિ તેઓશ્રીએ જોઈ.(જુઓ **શ્રી રામકૃષ્ણ કથામૃત** પૃ. ૫૩ ) અહીં થોડો વખત આરામ કરી ભગવાન કલકત્તા તરફ સિધાવેલ. અત્યારે આ જ જગ્યાએ તળાવના કિનારે એક સરસ નાનું મંદિર બાંધવામાં આવેલ છે. તેમાં માતાજીની સાંધેલી અતિ સુંદર મૂર્તિ સુશોભિત રીતે બિરાજમાન છે. જે ઝાડની નીચે પ્રભુએ આરામ કરેલ તે ઝાડનો પણ મંદિરના અંતર ભાગમાં જ સમાવેશ કરવામાં આવેલ છે. ઘણા

ભાવિક ભકતો આજ પણ અહીં નિયમિત રીતે ભજન, કીર્તન કરે છે.

**પ્રશ્ન :** અમુક વ્યકિતને શ્રી અંબાજી માતાજીની આ મૂર્તિ બદલવાનું સ્વપ્ન આવ્યું અને તેના ઉપરથી તેણે એક મૂર્તિ પણ બનાવરાવી, તો સ્વપ્ન પર આધાર રાખી મૂર્તિ બદલવી શું ઉચિત નથી?

**ઉત્તર :** ના, પ્રત્યેક સ્વપ્ન કંઈ શુઘ્ધ સત્યના દિવ્ય સ્તરમાંથી આવતું નથી. જો મૂર્તિ બદલવાની ઈરછા કોઈ કારણસર સ્વયમ્ અંબાજી માતાજીની જ હોય તો તે સ્વપ્નને એવી અદ્‌ભુત રીતે સપ્રમાણ બનાવી દે કે તેમાં કોઈ પણ મનુષ્યને શંકાનું તથા ઉહાપોહનું કારણ જ ન રહે.

(ઉ.ત.: જુઓ શ્રી દ્વારકાધીશ ભગવાન તથા શ્રી ગોમતી માતાજીના શ્રી પરબત મહેતા પર કરવામાં આવેલ કૃપાર્થે, માંગરોળની વાવમાં શ્રી મૂર્તિના સ્વરૂપમાં થનાર પ્રાગટયના અનુસંધાનમાં એક ભકતને શ્રી દ્વારકાધીશ ભગવાન માટે પોતે (ભકતે) ખાસ તૈયાર કરેલ આરસના સુશોભિત સિંહાસન વિષે તેને દ્વારકાપુરીમાં પધરાવવાને બદલે માંગરોળ લઈ જવાનું દિવ્ય સૂચન અને તે અનુસાર નહિ વર્તતાં, વહાણનું દરિયામાં તોફાનને કારણે પાછું ફરવું અને સૂચન પ્રમાણે જ વહાણને માંગરોળ લાવતી અદ્‌ભુત દૈવી ઘટના.)

સિદ્ધાંતની દષ્ટિએ જયારે ગૌણ રીતે ખંડિત મૂર્તિની ફેરબદલી જ કેવળ અનુચિત અને અનિચ્છનીય છે ત્યારે એક વ્યકિતના સ્વપ્ન પર આધાર રાખી તેને બદલવી ઉચિત ન જ ગણાય.

**પ્રશ્ન :** **પરંતુ સ્વપ્નને સત્ય ગણીને જયારે કોઈ વ્યકિતએ તેના આધારે એક નવી મૂર્તિ બનાવરાવી જ ત્યારે પોતે તૈયાર કરાવેલ નવી મૂર્તિની પ્રતિષ્ઠાની અભિલાષામાં વચ્ચે આવવું તે તે વ્યકિતને અન્યાય કરવા બરોબર નથી?**

**ઉત્તર :** નહિ જ. કારણ કે વર્ષોથી પૂજાતી ચિન્મય પ્રતિમાને એક જડ વસ્તુ તુલ્ય ગણી પૂરતા કારણ વગર પોતાના સ્થાનમાંથી દૂર કરી તેનો (તે મૂર્તિનો) અનાદર કરવો તે સ્વયમ્ પરમાત્મા પ્રત્યેના સંપૂર્ણ આદરનો તથા અધ્યાત્મ વિજ્ઞાનનો અભાવ બતાવતું હોવાથી તેમ ન થવું જોઈએ તેટલું જ કહેવાનો અહીં આશય છે, નહિ કે કોઈ કારણસર નવી તૈયાર કરાવેલ મૂર્તિની બીજી કોઈ પણ જગ્યાએ પ્રતિષ્ઠા જ ન થવા દેવાનો.

**જેવી રીતે શ્રી શેત્રુંજય મહાતીર્થ ધામમાં શ્રી આદીશ્વર ભગવાનની નવી મૂર્તિ માટે નવું મંદિર બાંધવામાં આવેલ છે તેવી જ રીતે શ્રી માતાજીની નવી તૈયાર કરાવેલ મૂર્તિ માટે એક નવું જ મંદિર બાંધી શકાય.** ધર્મની બાબતમાં તો આધ્યાત્મિક સિધ્ધાંતની દષ્ટિએ જે સમુચિત છે તે જ સમ્યક્ છે, માત્ર વ્યકિતગત દષ્ટિએ નહિ.

**પ્રશ્ન :** જૂના મંદિરના જીર્ણોદ્ધારનું માહાત્મ્ય શાસ્ત્રોએ નવા મંદિર બંધાવવા કરતાં પણ વધુ ઊંચું ગણેલ નથી?

**ઉત્તર :** હા, ગણેલ છે. અને તેને જ આધારે ''પૂજાતી મૂર્તિ કોઈ કારણે થોડે અંશે ખંડિત થયેલ હોય તો તેને 'બરાબર કરી' તેની જ પૂજા ચાલુ રાખવી જોઈએ'' તેમ કહેવામાં આવેલ છે. ખ્યાલમાં રાખવાનું માત્ર એટલું જ છે કે, દેવમંદિરના દશ્યાત્મા સમી પ્રાણમય પ્રતિમાની

**બાબતમાં 'જીર્ણોદ્ધાર' શબ્દને બદલે તેને 'બરાબર કરવી' તેમ કહેવું જ ઉચિત છે.**

**સંક્ષિપ્તમાં, મંદિરના જીર્ણોદ્ધાર નામે મંદિરના આત્મા સ્વરૂપ પૂજાતી મૂર્તિને પૂરતા કારણ સિવાય બદલવી યોગ્ય નથી, તેટલું જ કહેવાનો અહીં આશય છે.**

**પ્રશ્ન : પરંતુ આ બાબતમાં સંબંધ ધરાવતી અમુક વ્યકિતઓને પત્ર લખી પૂછેલ પ્રશ્નના જવાબમાં શ્રી દ્વારકાપુરીમાં આવેલ શ્રી શારદાપીઠના શ્રી શંકરાચાર્યે તા. ૪–૧૦–૬૮ ના રોજ આપેલ મત તો નીચે પ્રમાણે છે.**

**''જો મૂર્તિ ભગ્ન હોય તો.......તેનું વિસર્જન કરી, તેવા જ સ્વરૂપની એટલે તેટલા જ કદની નૂતન મૂર્તિની પ્રતિષ્ઠાવિધિ પ્રમાણે સ્થાપના કરવી જોઈએ, એવો શાસ્ત્રીય નિર્ણય છે.''(સોરઠની ધર્મ પ્રેમી ભાવિક જનતાને જાહેર નિવેદન** તા.૫–૧૦–૬૮ નામની પત્રિકા –જુનાગઢ.)

**તો જે ઉપર આધાર રાખી આ અભિપ્રાય અપાયો છે તે શાસ્ત્રો વિષે તમારે શું કહેવાનું છે ?**

**ઉત્તર : સૌથી પ્રથમ આવો એકધારો મત કંઈ બધાં જ શાસ્ત્રોમાં નથી. માત્ર શાસ્ત્રને જ પ્રમાણ માની અનુસરવું હોય તો શ્રી રામકૃષ્ણ ભગવાનના આ ઉપરના અગાઉ ટાંકેલ શબ્દો એક શાસ્ત્ર કથનજ છે.**વળી, શાસ્ત્રોની પ્રમાણભૂતતાની બાબતમાં એ પણ ઉમેરવું આવશ્યક છે કે, **સઘળા શાસ્ત્રો કંઈ સર્વ રીતે સત્યના અંતિમ આધારરૂપ નથી.** પરમાત્મન્ શ્રી રામકૃષ્ણ દેવના જ શબ્દોમાં કહીએ તો શાસ્ત્રો **ખાંડ**

**અને રેતી(એટલે કે સત્ અને અસત્) નાં મિશ્રણ બની ગયેલ છે.** સાથે સાથે આ બાબતમાં એ પણ યાદ રાખવું જરૂરી છે કે માત્ર બાહ્યાચાર સાથે સંબંધ ધરાવતાં કર્મકાંડીય શાસ્ત્રો પરંપરાગત પ્રણાલિકાને જ સર્વ કંઈ માનનારાં, અનેક જાતની વિધિઓથી બદ્ધ, તેમ જ સરળ સિદ્ધાંતો નું પણ પિષ્ટપેષણ કરનારાં જ હોય છે, જયારે શ્રી રામકૃષ્ણ ભગવાને આપેલ ઉપદેશ ભાવસમાધિની ઉચ્ચ તથા મુકત ભૂમિકા ઉપરથી આપેલ છેઃ

**"ભાંગેલી મૂર્તિ સંબંધે શ્રી મથુરાબાબુના ઉત્તર દેતાં પહેલાં ઠાકુરને (શ્રી રામકૃષ્ણ ભગવાનને) ભાવ સમાધિ થઈ અને સમાધિ ઉતરતાં તેઓ બોલ્યા કે, મૂર્તિ બદલવાની જરૂર નથી."(શ્રી રામકૃષ્ણ લીલાપ્રસંગ ભાગ ૨ જો,પૃષ્ઠ ૯૭.)**

બુદ્ધિથી પરની ભૂમિકાએથી આવેલ આ જવાબ સામાન્ય બુદ્ધિ સાથે અસંગત નથી. એટલું જ નહિ પરંતુ, તે સર્વોચ્ચ વિવેકબુદ્ધિ સાથે સંપૂર્ણપણે સુસંગત છે. **ચિરકાળથી પૂજાતી અને ચિન્મય બની ગયેલી પ્રતિમાઓની અને ભકતજનોના હૃદયમાં બંધાયેલા ભાવોની સુરક્ષા જવાબદાર મનુષ્યોના આવી મૂર્તિઓ પ્રત્યેના આદરપૂર્ણ, સ્થિતિપાલક અને ભાવમૂલક વલણ ઉપર જ અવલંબે છે.**

પૂજાતી પ્રતિમા મંદિરનો જીવંત આત્મા છે. એટલે જયાં સુધી તેનું દિવ્ય, પવિત્ર અસ્તિત્વ તથા **આવશ્યક વ્યકિતત્વ** દષ્ટિ સમક્ષ રાખી તે પ્રમાણે તેની ભાવયુકત પૂજા,અર્ચના, વગેરે કરવામાં આવે નહિ ત્યાં સુધી સાચી પૂજાનું સમ્યક્ હાર્દ સમજાશે નહિ. શ્રી રામકૃષ્ણ

ભગવાને શ્રી ગોવિંદજીની મૂર્તિ બાબતમાં આપેલ અનુપમ ઉપદેશ પણ ઉપરના જ સિદ્ધાંતને આબેહૂબ રીતે મૂર્તિમાન કરે છે.

જયાં જયાં આત્યંતિક પવિત્રતા છે ત્યાં ત્યાં ચૈતન્યનો આવિર્ભાવ છે. અને જયાં ચૈતન્યનો આવિર્ભાવ છે ત્યાં આંતરિક અખંડતા પણ છે. પરંતુ જયાં માત્ર બાહ્ય અખંડિતતાના જ કાજે આંતર અખંડતાને ધારણ કરતી ચિન્મય મૂર્તિને દૂર કરી અથવા તેની પૂજા બંધ કરી નવી મૂર્તિની સ્થાપના કરવામાં આવે ત્યાં પૂર્વની પવિત્રતાને તો નિયમિત પૂજન અર્ચન કરવા છતાં, કાળે કરીને જ પ્રકટવાનું રહેશે.

શાસ્ત્રોના મતોની જેમ જુદાજુદા **પંડિતોના અભિપ્રાયો** પણ એક સરખા નથી. તેટલા કારણે આવો અગત્યપૂર્ણ પ્રશ્ન કોઈ એક મનુષ્યને અંતિમ નિર્ણય માટે સોંપવો યોગ્ય નથી, પછી ભલે તે વ્યકિત ધાર્મિક ક્ષેત્રે ઉચો હોદ્દો ધરાવનાર હોય અને પરોક્ષ જ્ઞાનની દષ્ટિએ પંડિત હોય.

**પ્રશ્નઃ** નૂતન મૂર્તિની વિધિસરની પ્રાણ પ્રતિષ્ઠાથી આવી પવિત્રતા લાવી શકાય નહિ ?

**ઉત્તર :** ના. જેમ ઉપનયન સંસ્કાર માત્રથી આત્મ સાક્ષાત્કાર થતો નથી તેમ કેવળ વૈધિક પ્રાણ પ્રતિષ્ઠા માત્રથી સામાન્ય રીતે મૂર્તિ ચિન્મય બની જતી નથી.

**પ્રશ્ન :** પૂજાતી પ્રતિમાઓની આ આધ્યાત્મિક વિચારણાના અંતમા **ઉપસંહાર રૂપે** કંઈ કહેવાનું છે ?

ઉત્તર : હા. જે મૂર્તિની પૂર્ણ સુવિધિસરની પ્રાણપ્રતિષ્ઠા થયેલ હોય અને ખાસ કરીને જે ચિરકાળથી સતત પૂજાતી હોય અને જેની આસપાસ અનેક ભાવિકજનોનો ભાવ ઘનીભૂત થઈ પ્રકાશરૂપે પથરાયેલ હોય, તેવી સૌમ્ય, સાત્વિક અને કેવળ પવિત્રતાના પ્રતીકરૂપ અને ચિન્મય બની ગયેલ મૂર્તિનું કોઈ પણ અંગ અથવા અંગો ખંડિત થયા છતાં જો તેને સરળતાથી સાંધી શકાય તેમ હોય તો તેના વિસર્જનનો વિચાર પણ કરવો એ અપરાધરૂપ છે. જો એ મૂર્તિને ચૈતન્ય પરમાત્માના ચિન્મય દેહરૂપ જ માનીને પૂજી હોય, અર્ચી હોય અને હૃદયમાં ભક્તિભાવથી સેવી હોય તો સૌથી પ્રથમ તેને પવિત્ર સાધન સામગ્રી વડે ભાવ તથા આદરપૂર્વક બાહ્ય રીતે સાંધી, તે મૂર્તિના અંતરદેવતા તેને અંદરથી પણ અખંડ કરી દે તેવી આર્દ્ર હૃદયથી પ્રાર્થના કરવી એજ ઉચિત છે.

હરિ : ૐ તત્ સત્



ॐ

# *પર્યાપ્તિ*

જેમ કોઈ પણ કાર્યના કરવા પાછળ, અને **ધાર્મિક કાર્ય પાછળ તો ખાસ,** અજ્ઞાનજન્ય ભૂલભરેલી માન્યતા, અસત્ પ્રેરણા, ખ્યાતિ માટેની ઝંખના, માત્ર આધુનિક અથવા નૂતનમૂલક ભૌતિકવાદી ભાવના, આરંભેલ કાર્ય અનુચિત જણાયા છતાં તેને જારી રાખવાની વૃતિ વગેરે અનિચ્છનીય માન્યતા, અજ્ઞાત અથવા જ્ઞાત આશયો અથવા અકાંક્ષાઓ હોવી જોઈએ નહિ, તેમ સામાન્ય રીતે સર્વ ક્ષેત્રે, **પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રે તો ખાસ, વિવેક દષ્ટિએ સ્પષ્ટ જણાતી અયોગ્ય ઘટનાનો આવશ્યક વિરોધ પણ દ્વેષ, દ્રોહ અથવા હિંસાત્મક રીતે કદી પણ કરવો જોઈએ નહિ. આવી હૃદયને નિષ્ઠુર કરી આત્માને નષ્ટ કરનારી અધોગામી પ્રવૃત્તિનો અંતરથી સામનો એ જ સાચો ધર્મ છે, અને તે અંગેની સતત જાગ્રતિ એ જ પરમ કર્તવ્ય છે.**

********

*"અહિંસા પ્રથમં પુષ્પં, પુષ્પં ઈન્દ્રિયનિગ્રહઃ*
*સર્વભૂત દયા પુષ્પં, ક્ષમા પુષ્પં, વિશેષતઃ*
*શાંતિઃ પુષ્પં, તપઃ પુષ્પં, ધ્યાનં પુષ્પં તથૈવ ચ*
*સત્યં અષ્ટવિધં પુષ્પં, વિષ્ણોઃ પ્રીતિકરં ભવેત"*

*****

**"જેમ જેમ પોતાની મેળે બધું ત્યજાય છે, તેમ તેમ**
**પરમ પ્રકાશ સ્વરૂપ પરમાત્માજ બાકી રહે છે."**
**—અન્નપૂર્ણા ઉપનિષદ્**

ॐ

# *ઈશ્વર પ્રાપ્તિનાં અતિ આવશ્યક અંગો–*

# *વિવેક, વૈરાગ્ય, વ્યાકુળતા.*

જયાં સુધી મનુષ્ય સંસારમાં(કામ,કાંચન) ડૂબેલો રહે છે ત્યાં સુધી તે દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરી શકે નહિ અને ઈશ્વર દર્શન પામી શકે નહિ. શું ડહોળું પાણી સૂર્યના પ્રકાશને અથવા આજુબાજુના પદાર્થને કદી પણ પ્રતિબિંબિત કરી શકે ? સંસારી લોકો પ્રભુના પુણ્ય નામનું રટણ(જપ) કરે છે પણ તેઓના હૃદયમાં ઈશ્વર માટે વ્યાકુળતા હોતી નથી. તેઓમાં પ્રયત્ન જારી રાખવાની શકિત હોતી નથી. ઈશ્વર પ્રાપ્તિ થાય કે ન થાય તેની તેઓને દરકાર હોતી નથી. તેઓ કર્મ–બંધનથી બંધાયેલા છે અને કરેલાં કર્મનાં ફળ તેઓને ભોગવવાનાં જ રહે. આવી દશાનો કોઈ ઉપાય જ નથી ? શું સંસારી મનુષ્ય માટે કંઈ આશા જ નથી ?

આશા છે. ડહોળા પાણીમાં નિર્મળી નાખો અને બધો કચરો વાસણને તળિયે બેસી જશે.વિવેક અને વૈરાગ્ય, આ બન્ને શુદ્ધ કરનારાં સાધન છે. આ દ્વારા દુન્યવી મનુષ્ય સંસારી મટી જાય છે અને પવિત્ર બને છે.

ઈશ્વર એક જ સત્ છે, નિત્ય છે, સાર છે, વસ્તુ છે અને બાકીનું બીજું બધું અસત્ છે, અનિત્ય છે, અસાર છે, અવસ્તુ છે, એ **વિવેક,** ઈશ્વર સિવાયની સઘળી વસ્તુ તરફ વીતરાગતા, નિર્મોહ, અનાસકિત, એ **વૈરાગ્ય.** 'મને ઈશ્વર કયારે મળે?' એવું એક જ ધ્યાન, એક જ લગની, એ **વ્યાકુળતા.**

કોઈ કારકુનની નોકરી છૂટી જાય ત્યારે તેને કેવી વ્યાકુળતા થાય છે ! એ બિચારો બીજી નોકરી શોધવા આખો દિવસ ઓફીસનાં પગથિયાં ઘસી નાખે છે અને જયાં ત્યાં પૂછતો ફરે છે : 'તમારે ત્યાં કોઈ જગ્યા ખાલી છે ? એવી વ્યાકુળતા આવે ત્યારે ઈશ્વર તેનાથી દૂર રહી શકતા નથી.''

*–ભગવાન શ્રી રામકૃષ્ણ*

ૐ

***આહાર, રોગ ઔષધ—સંશોધન તથા વૈભવાર્થે, મૂક નિર્દોષ પ્રાણીઓની અહર્નિશ થતી માનવતાહીન મહાહિંસાનું સર્વત્ર, સંપૂર્ણ અહિંસક નિવારણ—એક***

# ઋત - મહાયજ્ઞ

***પવિત્ર જીવનતત્વની સ્વાભાવિક અખંડતા તથા તેનાં નિર્દોષ પ્રાણયુકત રૂપોની મૂળભૂત અધ્ન્યતાના શાશ્વત સંદર્ભમાં, જગતભરમાં ગૌમાતા તથા સર્વ સૌમ્ય પ્રાણીઓની માનવયોજિત મહાહિંસામાંથી સંવિધાનાત્મક (બંધારણીય) સમરક્ષા, સાહજિક ન્યાય તેમજ આધ્યાત્મિક આવશ્યકતા છે, પ્રલયનાં પરિબળો વડે ઝડપથી ઘેરાતા જગતને બચવા માટેનો કરૂણામય પરમેશ્વરનો સર્વ—મંગલકારી સંકેત છે.***

***માનવ સદ્ધર્મનું મધ્યવર્તી મૂળ, આધ્યાત્મિક જીવનનું ચિન્મય પોષક તત્વ, સમ્યક્ વિશ્વશાંતિ તથા સાત્વિક સમૃધ્ધિ અંગેનું તે એક અનિવાર્ય પૂર્વ કર્તવ્ય છે. વિશ્વયુધ્ધ,હિમયુગ તથા જળપ્રલય જેવા મહાવિનાશને અટકાવવાનું અમોઘ સાધન છે.***

***આર્ય સંસ્કૃતિનો અમર આત્મા, આધ્યાત્મિક ભારતનું સનાતન ગૌરવ, સત્યયુગના ખીલતા પ્રભાતનું સુનૈતિક સૌંદર્ય — તે એક, હિંદને જાગૃત થઈ, સત્યના મહાન વારસામાં પ્રવેશી, સમગ્ર જગતને ચિરકાળથી કરવાના પ્રીતીદાનની સ્મૃતિ કરાવતો પરમાત્માનો દિવ્ય શંખધ્વનિ છે, બ્રહ્મનાદ છે.***

સત્યયુગાવતાર

શ્રી સત્ -ચિત્ -આત્મન્

ॐ



ॐ
નમઃ
પરમાત્મને
શ્રીસત્-ચિત્-આત્મને
નમઃ
તપોયુક્ત આધ્યાત્મિક
બ્રહ્મનિષ્ઠ ભારત
ઋત્-અવિભાજય
જ્ઞાનયુક્ત કરુણાન્વિત
સત્યનિષ્ઠ જગત
કૃત્-વિશ્વરાજય
ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ
सत्यपरचिद्घनं करुणात्मकं ब्रह्म
सत्ययुग संस्थापनार्थे
प्रलय निवारणार्थे
पवित्रता
कारुण्यता
सुसत्यं वद
सद्धर्मं चर
ઇશ્વર સેવા
આત્મોન્નતિ
વિશ્વકલ્યાણ
જય રામ
જય જય રામ.
अमित अविरत
अमृत उत्सवत्
અનન્યતા
નિષ્કામતા
નિયમિતતા
સનૈતિકતા
યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ
સત્શ્રદ્ધા
બ્રહ્મનિષ્ઠા